Knowledge Consortium of Gujarat
Department of Higher Education - Government of Gujarat
Journal of Social Science - ISSN : 2279-0268

Continuous Issue-30 | March – April 2018

# “ગુજરાત અંદાજપત્ર – ૨૦૧૮- ૧૯”

જીએસટી ના અમલ બાદ ગુજરાત સરકારના નાણામંત્રી નીતિન પટેલે તા.૨૦ ફેબ્રુઆરી, ૨૦૧૮ના રોજ વર્ષ-૨૦૧૮-૧૯ ના વર્ષનું અંદાજપત્ર વિધાનસભામાં રજૂ કર્યુ હતું. બજેટમાં કૃષિમાં મૂલ્ય વૃદ્ધિ , ખેડૂત કલ્યાણ, યુવાઓ માટે રોજગારીની તકો, પાણી પુરવઠો , આવાસ યોજનાઓ , આરોગ્ય અને શિક્ષણ જેવા વિવિધ ક્ષેત્રો પ્રત્યે લક્ષ્ય અપાયુ છે. બજેટમાં ટ્રાફિક વ્યવસ્થાપન અને આંતરમાળખાકીય સુવિધાઓને પણ અગ્રતા આપવામાં આવી છે. રૂ. ૮૮૯.૩૪ કરોડ ના પુરાંતવાળા બજેટમાં સામાન્ય પ્રજા ઉપર કોઇ નવો કરબોજ નથી પણ દારૂ પરની આબકારી જકાતમાં વધારો કરી રૂ. ૧૦૬.૩૨ કરોડની આવક ઊભી કરવામાં આવી છે. ખેડૂતોને ઝીરો ટકેથી લોન અને યુવાનોને એપ્રેન્ટિસ ભથ્થું આપવાની યોજના ઉપરાંત, ગરીબોને સ્વાસ્થ્ય સેવાઓની જોગવાઇમાં વિસ્તાર અને વધારો કરાયો છે. મા અમૃતમ અને મા વાત્સલ્ય યોજનામાં આવક મર્યાદા અઢી લાખથી વધારીને ત્રણ લાખની અને સારવાર ખર્ચ મર્યાદા ૨ લાખથી વધારીને ૩ લાખની કરાઇ છે. જેને કારણે રાજયના ૬૦ લાખ પરિવારોને એટલે કે અંદાજે ૩ કરોડ નાગરિકોને લાભ મળશે.

રાજય સરકાર તેના કુલ બજેટમાંથી રૂ. ૧,૧૧,૫૬૫ કરોડ વિકાસલક્ષી ખર્ચ કરશે. એમાં પણ તેના ૫૭ ટકા રકમતો સામાજિક ક્ષેત્રે ખર્ચવાનું જાહેર કરાયું છે. સરકારને આ વખતે રૂ. ૧,૪૦,૬૩૧ કરોડની મહેસુલી આવક થશે. બજેટ મુજબ સરકાર વર્ષ ૨૦૧૮-૧૯ માં કરવેરા દ્વારા રૂ.૧,૧૩,૦૩૫ કરોડ અને બિન-કર દ્વારા રૂ.૧૧,૭૦૫ કરોડની આવક મેળવશે. વર્ષ ૨૦૧૫-૧૬ માં રાજયની મહેસૂલી પુરાંત રૂ. ૧૭૦૪ કરોડ હતી જે વધીને વર્ષ ૨૦૧૬-૧૭ માં રૂ. ૫૯૪૭ કરોડ રહેવા પામી છે. જેનો ઉપયોગ વિકાસલક્ષી મૂડી ખર્ચમાં કરવામાં આવ્યો છે. રાજકોષીય ખાધ વર્ષ ૨૦૧૫-૧૬ માં રાજયના ઘરગથ્થુ ઉત્પાદનના ૨.૨૪ ટકા હતી જે ઘટીને વર્ષ-૨૦૧૬-૧૭ માં ૧.૪૨ ટકા રહેવા પામી છે. જેનાથી ફલિત થાય છે કે રાજયની આવકમાં વધારો થયો છે અને રાજયના વિકાસ માટે બહારથી પ્રમાણમાં ઓછા નાણાં ઉભા કરવા પડે છે. જેથી રાજય પણ વ્યાજ અને લોનની મુદ્દલની ચુકવણીનું ભારણ ઘટે છે. એપ્રિલ ૨૦૧૬ થી જાન્યુઆરી ૨૦૧૭ સુધીની વેરાકીય આવકની સરખામણીમાં એપ્રિલ ૨૦૧૭ થી જાન્યુઆરી ૨૦૧૮ સુધીની વેરાકીય આવકમાં ૦.૯૨ ટકા વૃધ્ધિ થવા પામી છે. ૨૦૧૭-૧૮ માં અંદાજપત્રનું કદ રૂ. ૧,૭૨,૧૭૯ કરોડ હતું જેમાં વધારો કરી ૨૦૧૮-૧૯ માટે રૂ.૧,૮૩,૬૬૬ કરોડનું અંદાજપત્ર રજૂ કરવામાં આવ્યું છે.

- રૂપિયો કયાંથી આવશે ?

| ક્રમ | વિગત | પૈસા(રૂપિયો) |
|---|---|---|
| ૧ | રાજય જીએસટી | ૨૩.૪૦ |
| ૨ | જીએસટી સિવાયના વેરા | ૨૫.૧૬ |

| | | |
|---|---|---|
| ૩ | કેન્દ્રિય વેરામાંથી કિસ્સો | ૧૩.૩૦ |
| ૪ | કેન્દ્ર સરકાર તરફથી સહાયક અનુદાન | ૮.૭૦ |
| ૫ | કરવેરા સિવાયની આવક | ૬.૪૧ |
| ૬ | જાહેર હિસાબ (ચોખ્ખો) | ૨.૭૩ |
| ૭ | લોન અને પેશગીની વસુલાત(અન્ય આવક સહિત) | ૦.૧૬ |
| ૮ | જાહેર દેવું | ૨૦.૧૪ |
| ૯. | કુલ | ૧૦૦.૦૦ |

***રૂપિયો કયાં જશે?**

| ક્રમ | વિગત | પૈસા (રૂપિયો) |
|---|---|---|
| ૧ | વિકાસલક્ષી ખર્ચ | ૬૧.૦૬ |
| ૨ | બિન – વિકાસલક્ષી ખર્ચ | ૨૯.03 |
| ૩ | જાહેર દેવાની ચૂકવણી | ૮.૪૪ |
| ૪ | લોન – પેશગી | ૦.૮૪ |
| ૫ | સહાયક અનુદાન – ફાળો | ૦.૨૦ |
| ૬ | કુલ ચોખ્ખી લેવડ – દેવડ | ૦.૪૩ |
| ૭ | કુલ | ૧૦૦.૦૦ |

નાણામંત્રી નીતિન પટેલે આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ હેઠળ કુલ ૯૭૫૦.૫૦ કરોડ રૂપિયાની જોગવાઈ કરી છે. સરકારે ગરીબ અને મધ્યમ વર્ગના પરિવારોને ગંભીર બિમારીની સારવારના ખર્ચમાં રાહત આપતી મુખ્યમંત્રી માં અમૃતમ્ અને મા-વાત્સલ્ય યોજનાનો વધુમાં લોકો લાભ લઈ શકે તે માટે રૂ.૭૦૦ કરોડની જોગવાઈ કરી છે, એટલું જ નહીં પરંતુ અત્યારે સારવાર માટેની મર્યાદા બે લાખ છે તે વધારીને ૩ લાખ સુધીની કરવામાં આવી છે. એટલે કે ત્રણ લાખ સુધીની મફત સારવાર મળી શકશે. આ ઉપરાંત વાર્ષિક આવક મર્યાદા ૨.૫૦ લાખ થી વધારીને ત્રણ લાખ કરવામાં આવી છે. વાર્ષિક 6 લાખ સુધીની આવક ધરાવતા કુટુંબના ૬૦ વર્ષ કે તેથી વધુ વયના સિનિયર સિટિઝનને આ યોજનામાં આવરી લેવાશે. કિડની, લીવર અને પેન્ક્રીઆઝના પ્રત્યારોપણ માટે ૨ લાખ સુધી સહાય અપાતી હતી તેમાં હવે તેમાં હવે પાંચ લાખ સુધીની સહાય અપાશે, જેમાં દવાઓ અને ઓપરેશન ખર્ચ મળશે. સિનિયર સિટિઝનને ધૂંટણ અને થાપાના હાડકાં બદલવાની જરૂરિયાત ઉભી થતી હોય છે. નીરિપ્લેસમેન્ટ તથા હિપ-રિપ્લેસમેન્ટ માટે એક પગના ઓપરેશન દીઠ રૂ. ૪૦૦૦૦ સુધી સહાય અને બે પગના ઓપરેશનના કિસ્સામાં રૂ.૮૦૦૦૦ સુધીની સહાય આપવાની જોગવાઈ કરાઈ છે. આ તમામ જોગવાઈના કારણે રાજયના લોકોનું આરોગ્ય સુધરશે.

બજેટમાં ગુજરાતમાં બેરોજગારી ઘટાડવા માટે મુખ્યપ્રધાન એપ્રેન્ટિસશીપ યોજના હેઠળ એક લાખ યુવાનોને રોજગારી આપવા નિર્ધાર કર્યો છે. આ યુવાનોને લાયકાત મુજબ સ્નાતક યુવાનોને માસિક રૂ. ૩૦૦૦ ડિપ્લોમાં ધારકને માસિક રૂ. ૨૦૦૦ અને અન્યોને માસિક રૂ. ૧૫૦૦ આપવામાં આવશે. તે માટે રૂ. ૨૭૧.૬૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તેમજ સરકાર ના વિવિધ વિભાગોમાં અંદાજિત ૩૦૦૦૦ નવી ભરતી કરવામાં આવશે. આમ સરકારી સેવામાં નવી તકો ઉપલબ્ધ થશે. જયારે પશુફાર્મની સ્થાપના દ્વારા ૨૫૦૦૦ વ્યકિતઓને રોજગારી આપવાનું આયોજન છે. બાર દૂધાળા પશુફાર્મની સ્થાપના માટે એક ફાર્મ દીઠ રૂ. ૩ લાખ સુધીની સહાય આપવામાં આવશે. આ માટે બજેટમાં રૂ. ૧૪૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. વાજપાયી બેન્કેબલ યોજના હેઠળ રૂ. ૧૯૭ કરોડની જોગવાઈ કરાઈ છે. અનુસૂચિત જાતિ અને વિકસતી જાતિના નિગમો દ્વારા ૫ હજાર લાભાર્થીઓને સ્વ-રોજગાર અને નાના પાયાના રોજગાર માટે રૂ.૫૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આમ બજેટમાં બેરોજગારી દુર કરવા અનેક મહત્વની જોગવાઈ કરવામાં આવી છે. ખેડૂતોની પ્રગતિ અને કલ્યાણ સરકારની પ્રાથમિકતા હોઈ ખેડૂતોને શુન્ય ટકા વ્યાજે પાક ધિરાણ મળે તે માટે રૂ. ૫૦૦ કરોડની જોગવાઈ કરી છે. ટપક સિંચાઈ અંતર્ગત સિંચાઈ વ્યવસ્થાને સુદ્રઢ કરવા રૂ. ૭૫૦ કરોડની જોગવાઈ કરી છે. ખેડૂત અકસ્માત વીમો, ભાવ સ્થિરીકરણ વગેરે કૃષિક્ષેત્રના જોખમોને પહોંચી વળવા રૂ. ૧૧૦૧ કરોડની ફાળવણી કરવામાં આવી છે. કોલ્ડ સ્ટોરેજની સંગ્રહક્ષમતા ૨૩ લાખ મે. ટનથી વધારીને ૩૦ લાખ મે. ટન ને પહોંચાડવા મલ્ટી કોમોડિટી કન્ટ્રોલ એટમોસ્ફીઅર ટેકનોલોજી સાથેના નવા કોલ્ડ સ્ટોરેજ ઉભા કરવા રૂ. ૫૦ કરોડ ફાળવ્યા છે. ઉત્તર ગુજરાતની જેમ કચ્છ અને સૌરાષ્ટ્રમાં શ્વેતકાંતિ સર્જવા દુધ ઉત્પાદન સહકારી સંધોને ડેરી વિકાસ યોજના માટે રૂ.૨૫ કરોડ, મંડળીઓના સભાસદોને સાધન સામ્રગી ખરીદવા રૂ. ૩૬ કરોડ, બે નવી વેટરનરી કોલેજ શરૂ કરવા રૂ. ૨૩ કરોડની જોગવાઈ કરી છે. આ ઉપરાંત કૃષિના વિકાસ માટે કૃષિ યાંત્રીકરણ ૨૯૫ કરોડ, કૃષિ શિક્ષણ સંશોધન વિસ્તરણ માટે ૭૦૨ કરોડ, જમીન જળ સંરક્ષણ તેમજ જમીન સુધારા માટે ૫૪૮ કરોડ, તેમજ ખેતરમાં તારની વાડ માટે ૨૦૦ કરોડની મહત્વની જોગવાઈ કરવામાં આવી છે. આમ કૃષિ વિકાસ માટે અનેક પગલા ભરવામાં આવ્યા છે.

વર્ષ ૨૦૧૮-૧૯ના બજેટમાં ફરી એકવાર ૧૦૦૦ રૂપિયાના ટોકન દરે વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવાની જાહેરાત કરી છે. ધોરણ ૧૦ અને ધોરણ ૧૨ ની બોર્ડની પરીક્ષા પાસ કરીને ડિપ્લોમા તેમજ સ્નાતક કક્ષાના અભ્યાસમાં પ્રથમ વર્ષે પ્રવેશ મેળવનાર અંદાજે ત્રણ લાખ વિદ્યાર્થીઓને ટેબ્લેટ આપવા માટે કુલ ૧૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. બજેટમાં સરકારે શિક્ષણ વિભાગ અંતર્ગત કુલ રૂ. ૨૭૫૦૦ કરોડની જોગવાઈ કરી છે. સરકારે બજેટમાં સરકારી યુનિવર્સિટી કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓની માળખાકીય સુવિધા માટે ૨૫૭ કરોડની જોગવાઈ કરી છે. ગુજરાત યુનિવર્સિટી ખાતે રિસર્ચ પાર્ક માટે ૪૨ કરોડની પ્રિમેટ્રિક અને ફિનિશિંગ સ્કૂલ હેઠળ ૧૧ કરોડની ફાળવણી કરાઈ છે. રાજયના ૫૮.૦૨ લાખ વિદ્યાર્થીઓને પ્રિમેટ્રિક શિષ્યવૃતિ માટે રૂ. ૩૭૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે તેમજ અનુસૂચિત જાતિના અંદાજે ૭૩૦૦૦ વિદ્યાર્થીઓને વિનામૂલ્યે રહેવા અને જમવાની સવલત આપવા રૂ. ૧૬૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આમ શિક્ષણના વિકસ માટે બજેટમાં અનેક પગલા ભરવામાં આવ્યા છે.

રાજય સરકારે સૂક્ષ્મ, લઘુ અને મધ્યમ એકમોના વિકાસ માટે વિવિધ યોજનાઓ હેઠળ પ્રોત્સાહનો પૂરા પાડવા કુલ રૂ. ૮૫૦ કરોડની જોગવાઈ કરી છે અને સ્ટાર્ટ-અપ ફંડની શરૂઆત કરવા રૂ. ૫૦ કરોડની જોગવાઈ કરી છે. ઈન્વેસ્મેન્ટ પ્રમોશન પ્રોગ્રામ હેઠળ જાપાન ઈન્ટરનેશનલ કોઓપરેશન એજન્સીના સહયોગથી રાજયના ઓદ્યોગિક વિકાસના માળખા માટે આગામી ત્રણ વર્ષમાં રૂ. ૯૭૫ કરોડનાં કામો હાથ ધરવામાં આવશે. તે પૈકી આગામી વર્ષ માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. સ્વર્ણજયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત શહેરી વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા તેમજ શહેરોમાં ટ્રાફિકની સમસ્યા હળવી બને, પર્યાવરણમાં સુધારો થાય, પરિવહન ઝડપી બને તેમજ ઇંધણની બચત થાય તે હેતુસર તેમજ ગરીબ અને મધ્યમ વર્ગના નાગરિકોને ઘરનું ઘર મળે તે માટે બજેટમાં રૂ. ૪૫૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

સરકારે બજેટમાં પ્રવાસન ક્ષેત્રોની માળખાકીય સવલત માટે રૂ. ૨૮૧ કરોડની જોગવાઈ કરી છે. મોઢેરાને સૌર ઊર્જા આધારિત આંતરરાષ્ટ્રીય પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવા રૂ. ૨૨ કરોડની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત સાબરમતી આશ્રમ અમદાવાદ ખાતે લાઈટ એન્ડ શો અને કીર્તિ મંદિર પોરબંદર અને મહાત્મા ગાંધીજીના જીવન સંબંધિત સ્થળોના વિકાસ માટે રૂ.૨૦ કરોડની જોગવાઈ કરાઈ છે. બજેટમાં પ્રથમ વખત જુનાગઢમાં યોજાતા અને મીનીકૂંભ મેળાનો દરજ્જો પ્રાપ્ત કરનાર મહાશિવરાત્રી મેળા માટે તથા ગિરનાર પગથિયાના નવિનીકરણ માટે રૂ. ૨૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ રીતે રાજયમાં પ્રવાસન ક્ષેત્રને વિકસાવવા પ્રયાસ કરવામાં આવ્યો છે.

આ રીતે નાણાપ્રધાન નીતિન પટેલે ગુજરાતના વિકાસ માટે અનેક મહત્વની જોગવાઈ કરી છે. આ જોગવાઈઓમાં શિક્ષણ માટે કુલ ૨૭૫૦૦ કરોડની ફાળવણી, આરોગ્ય-પરિવાર કલ્યાણ માટે કુલ ૯૭૫૦ કરોડની જોગવાઈ, કૃષિ અને ખેડૂતો માટે રૂ.૬૭૫૫ કરોડની જંગી ફાળવણી, રોજગારીની તકો ઉપલબ્ધ કરાવવા રૂ. ૭૮૫ કરોડની જોગવાઈ, મહિલા સશક્તિકરણ અને વિકાસ માટે રૂ.૬૨૩૦૨ કરોડની ફાળવણી, શહેરી-ગૃહ નિમાર્ણ માટે કુલ રૂ.૧૨૫૦૦ કરોડની ફાળવણી વગેરે જેવી અનેક મહત્વની જોગવાઈ કરવામાં આવી છે. જેનો લાભ ગુજરાતના છેવાડાના માનવી સુધી પહોંચશે અને ગુજરાતના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપશે.

## સંદર્ભ સૂચિ


I. સમાચાર પત્રો

II. www.fin.dpt.guj.

************************************************************************

પ્રા. ડો. કિશોર વી. ગજેરા
એસોસિએટ પ્રોફેસર
ઈકોનોમિક્સ
સૌરાષ્ટ્ર જ્ઞાનપીઠ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ

Copyright © 2012 – 2018 KCG. All Rights Reserved. | Powered By: Knowledge Consortium of Gujarat